eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 247
November 19, 2010

## માહે ઓકટોબર ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા ઓકટોબર માસ દરમ્યાન ૪૭૩૭ ઈન્ડોર તથા ૩૮૩૦૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૧૧/૨૦૧૦ ના રોજ સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે સુરત શહેરના ઐતિહાસિક સ્મારકોના ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા બાળદિન ઉજવણી તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સંદર્ભે સુરતની શાળાના બાળકો ધ્વારા તૈયાર કરેલ ચિત્રોનું તથા "હેરીટેજ વીક" ઉજવણીના ભાગરૂપે સુરત શહેરના ઐતિહાસિક સ્મારકોના ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન(વરાછા) માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે પુણા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા) બ્લોક નં.૨૯૧/૫ માં આવેલ યોગીરાજ સોસાયટીનાં સબ પ્લોટ નં.–બી ૩ નું બીજા માળનું ૨૪.૦મીનાં ડી.પી.રોડમાં આવતું આશરે ૩૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતર, કોલમ, બીમ, સ્લેબ સહિતનું કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા.૧૫/૧૧/૨૦૧૦નાં રોજ દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૧૩.૧૧.૨૦૧૦ થી તા.૧૭.૧૧.૨૦૧૦ સુધી ગાંધી સ્મૃતિ ભવન,નાનપુરા,સુરત ખાતે નાટ્ય મહોત્સવનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત જુના યાદગાર નાટકોને આજના ખ્યાતનામ દિગ્દર્શકો ધ્વારા પુનઃ જીવિત કરી તેના નાટ્ય મહોત્સવનું આયોજન ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૧૩.૧૧.૨૦૧૦ થી તા.૧૭.૧૧.૨૦૧૦ સુધી ગાંધી સ્મૃતિ ભવન,નાનપુરા,સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ઓકટોબર ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા ઓકટોબર માસ દરમ્યાન ૪૭૩૭ ઈન્ડોર તથા ૩૮૩૦૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૦૯ તથા ૫૧૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૮૪૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૮૧૫ અને જુના ૭૧૬ દર્દીઓ સહીત કુલ ૧૫૩૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૪૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૮૨ તથા આંખ વિભાગમાં ૨૦૦૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૬૧૮૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૧૧/૨૦૧૦ ના રોજ સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે સુરત શહેરના ઐતિહાસિક સ્મારકોના ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા બાળદિન ઉજવણી તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સંદર્ભે સુરતની શાળાના બાળકો ધ્વારા તૈયાર કરેલ ચિત્રોનું તથા "હેરીટેજ વીક" ઉજવણીના ભાગરૂપે સુરત શહેરના ઐતિહાસિક સ્મારકોના ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે કરવામાં આવેલ છે. સદર પ્રદર્શનનું ઉદઘાટન આજરોજ તા. ૧૪/૧૧/૨૦૧૦ ના રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, મા. મ્યુ. કમિશ્નરશ્રી, ઈ.ચા.ડે. કમિશ્નરશ્રી (સી) તથા મોટી સંખ્યામાં શહેરના નાગરીકો ઉપસ્થિત રહયા હતા.

આ પ્રદર્શનમાં શહેરની વિવિધ શાળાના ૧૪ વર્ષની ઉમર સુધીના બાળકો ધ્વારા વિવિધ જેવા કે, મારી શાળા, મારું શહેર, મારું કુટુંબ, પ્રિય પક્ષી, પ્રિય પ્રાણી, પ્રિય ફુલ વિગેરે પર તૈયાર કરવામાં આવેલ ૩૦૦ ઉપરાંત નયનરમ્ય ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલ છે, તેમજ શહેરની ધરોહર સમાન શહેરમાં આવેલ ઐતિહાસિક સ્મારકો, ચબુતરાઓ વિગેરેના ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ છે.

આ પ્રદર્શન જાહેર જનતા આગામી તા. ૨૪/૧૧/૨૦૧૦ સુધી સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી નિહાળી શકશે.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન(વરાછા) માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે પુણા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા) બ્લોક નં.૨૯૧/૫ માં આવેલ યોગીરાજ સોસાયટીનાં સબ પ્લોટ નં.–બી ૩ નું બીજા માળનું ૨૪.૦મીનાં ડી.પી.રોડમાં આવતું આશરે ૩૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતર, કોલમ, બીમ, સ્લેબ સહિતનું કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા.૧૫/૧૧/૨૦૧૦નાં રોજ દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) મોજે – પુણા ડ્રા.ટી.પી.નં.૬૦(પુણા) બ્લોક નં.૩૮૦/૨ માં આવેલ ગજાનંદ સોસાયટીમાં આવેલ પહેલાં માળનું આશરે ૨૦૦૦ ચો.ફુટ ગેરકાયદેસર ચણતરકામ તા.૧૫/૧૧/૨૦૧૦ના રોજ દુર કરવામાં આવેલ છે.

(૩) મોજે – પુણા ડ્રા.ટી.પી.નં.૨૦ (પુણા) બ્લોક નં.૪૧૫ માં આવેલ ભગવતીકૃપા સોસાયટીમાં કરવામાં આવેલ ગેરકાયદેસર ચાર દુકાનોનું આશરે ૭૦૦ ચો.ફુટ બાંધકામ તા.૧૫/૧૧/૨૦૧૦ના રોજ દુર કરવામાં આવેલ છે.

(૪) મોજે – પુણા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા) બ્લોક નં.૨૯૦/૫ માં આવેલ તુલસી રો હાઉસ સોસાયટીમાં ૨૪.૦ મીનાં રોડમાં આવેલ આઠ(૮) દુકાનોનું કાચું – પાકું આશરે ૧૫૦૦ ચો.ફુટ બાંધકામ તા.૧૨/૧૧/૨૦૧૦નાં રોજ દુર કરવામાં આવેલ છે. જેની દંડ પેટે રૂા.૨૦,૦૦૦/– વસુલાત લેવામાં આવેલ છે.

TOP

## ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૧૩.૧૧.૨૦૧૦ થી તા.૧૭.૧૧.૨૦૧૦ સુધી ગાંધી સ્મૃતિ ભવન,નાનપુરા,સુરત ખાતે નાટ્ય મહોત્સવનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત જુના યાદગાર નાટકોને આજના ખ્યાતનામ દિગ્દર્શકો ધ્વારા પુન : જીવિત કરી તેના નાટ્ય મહોત્સવનું આયોજન ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૧૩.૧૧.૨૦૧૦ થી તા.૧૭.૧૧.૨૦૧૦ સુધી ગાંધી સ્મૃતિ ભવન,નાનપુરા,સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનો શુભારંભ તા.૧૩.૧૧.૨૦૧૦ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે અમદાવાદના દિગ્દર્શક શ્રી પી.ખરસાણીના ''આરામ રાજય'' નાટકથી થયો હતો.શુભારંભમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, ''આરામ રાજય'' નાટકના દિગ્દર્શક શ્રી પી.ખરસાણી, સુરતના નાટ્યક્ષેત્રના દિગ્ગજ શ્રી યઝદીભાઈ કરંજીયાના વરદહસ્તે દિપ પ્રાગ્ટય કરવામાં આવ્યું હતું. નાટકના ઉદભવ સ્થાન ''ભવાઈ'' કે જે આજે ગુજરાતમાં તથા દેશના અન્ય ભાગોમાં નાટ્યક્ષેત્રે લગભગ ભુલાય ગયું છે તેને ફરી ઉજાગર કરવા ભવાઈના સ્વરૂપે આજના કલાકારો ધ્વારા આ નાટકને નવું રૂપ આપી રજુ કરવાનો દિગ્દર્શકશ્રી પી.ખરસાણીએ એક સફળ પ્રયાસ કરેલ છે. અગાઉના પંચાયતી રાજમાં પ્રજાજનો ન્યાય મેળવવા માટે ગામના વડા(બાપુ) પાસે કેવી ફરીયાદો લઈને જતા અને બાપુ તેનો પોતાની સમજ મુજબ કેવી રીતે વિવિધ ન્યાય કરતા તે પ્રદર્શિત કરવાનો આ નાટકમાં પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ નાટ્ય મહોત્સવમાં હવે પછી નીચે મુજબના નાટકો ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા,સુરત ખાતે રાત્રે ૯.૦૦ કલાકે રજુ કરવામાં આવશે. જેમાં ફકત નિમંત્રીતો (પાસ ધારકો) ને જ પ્રવેશ આપવામાં આવશે.





| ક્રમ | તારીખ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| 1. | 14.11.2010 | સૌ ટચનું સોનું | શ્રીમતી જયશ્રી પારેખ,અમદાવાદ |
| 2. | 15.11.2010 | વડીલોના વાંકે | શ્રી પ્રફુલ્લ ભાવસાર,અમદાવાદ |
| 3. | 16.11.2010 | પૈસા બોલે છે | શ્રી હરીન ઠાકર,અમદાવાદ |
| 4. | 17.11.2010 | ઉલમાંથી ચુલમાં(કુતરાની પુંછડી વાંકી) | શ્રી યઝદીભાઈ કરંજીયા,સુરત. |

ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે યોજવામાં આવનાર નાટ્ય મહોત્સવના પ્રથમ દિવસે તા.૧૩.૧૧.૨૦૧૦ના રોજ ગાંધી સ્મૃતિ ભવન ખાતે દિપ પ્રાગ્ય કરી શુભારંભ કરાવતા મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, ''આરામ રાજય'' નાટકના દિગ્દર્શક શ્રી. પી. ખરસાણી,સુરતના નાટ્ય ક્ષેત્રના દિગ્ગજ શ્રી યઝદીભાઈ કરંજીયા તથા રજુ થયેલ નાટક ''આરામ રાજય'' ની ઝલક દશ્યમાન છે.

TOP